અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે અમરનાથ યાત્રા શરૂ

શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ : ૨૨૯૪ શ્રદ્ધાળુનો પ્રથમ કાફલો ભગવતી નગર બેઝ કેમ્પથી વહેલી પરોઢે ૪.૩૦ વાગે રવાના : ૩.૫ લાખ શ્રદ્ધાળુઓની નોંધણી પહેલા જ થઈ ચૂકી છે

જમ્મૂ,તા.૨૪

વાર્ષિક અમરનાથ યાત્રા આજે સવારે સઘન સુરક્ષા વચ્ચે પરંપરાગતરીતે શરૂ શઈ હતી. જમ્મુમાં ભગવતીનગર બેઝ કેમ્પ ખાતેથી ૨૨૯૪ શ્રદ્ધાળુઓનો પ્રથમ કાફલો ધાર્મિક મંત્રોચ્ચાર, પ્રાર્થનાઓ બાદ રવાનો થયો હતો. જમ્મુ કાશ્મીરના પ્રવાસ પ્રદાન નવાંગ રિગઝીન જોરા અને મુખ્યપ્રધાન દેવિન્દર રાણા દ્વારા અમરનાથના પ્રથમ કાફલાને લીલીઝંડી આપી હતી. પ્રથમ ટુકડીમાં ૧૪૬૯પુરૂષો, ૪૭૬ મહિલાઓ, ૧૦૮ બાળકો અને ૨૪૧ સાધુ સંતોનો સમાવેશ થાય છે. તમામ શ્રદ્ધાળુઓ ૫૧ બસ અને ૧૮ હળવા વાહનો સહિત કુલ ૬૯ વાહનોમાં રવાના થયા હતા. અમરનાથ યાત્રાને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે તંત્રે તમામ પગલા લીધા છે. હવામાન હજુ પણ ખરાબ છે. સતત હિમ વર્ષા થઈ રહી છે છતાં પણ શ્રદ્ધાળુઓના ઉત્સાહમા કોઈ ઘટાડો દેખાઈ રહ્યો નથી. યાત્રા માટે જમ્મૂ કશ્મીર સરકાર દ્વારા સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અમરનાથ યાત્રાની સુરક્ષા માટે સીઆરપીએફની ૫૭ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. ૧૨ કંપનીઓ જમ્મૂ ક્ષેત્રમાં, ૪૫ કંપનીઓ કાશ્મીર ક્ષેત્રમાં તૈનાત કરવામાં આવી છે. આ યાત્રા માટે આશરે ૩.૫ લાખ શ્રદ્ધાળુઓની નોંધઈ થઈ ચુકી છે. અમરનાથ યાત્રા દર વર્ષે પરંપરાગત રીતે શરૂ થયા બાદ રક્ષાબંધન સુધી ચાલે છે. આ વખતે અમરનાથ યાત્રાની અવધિને લઈને હોબાળો મચ્યો હતો. ભાજપ અને અન્ય કેટલાક સંગઠનોએ આ વખતે અમરનાથ યાત્રાની અવધિ ઘટાડવા સામે વાંધો ઉઠાવ્યો હતો. વાર્ષિક અમરનાથ યાત્રા આજે સવારે શરૂ થઈ ગઈ હતી. અહીં સ્થિત બેઝકેમ્પથી શ્રદ્ધાળુઓનો પ્રથમ જથ્થો રવાના થયો હતો. બાબા અમરનાથની ગુફા માટે શ્રદ્ધાળુઓની ટુકડી રવાના થઈ ગઈ હતી. આ વખતે રેકોર્ડ સંખ્યામાં શ્રદ્ધાળુઓની નોંધણી થઈ ચુકી છે. હજુ સુધી સાડા ત્રણ લાખ શ્રદ્ધાળુઓની નોંધણી થઈ ચુકી છે. આજે અમરનાથ યાત્રા શરૂ થયા બાદ બીજી ઓગસ્ટના દિવસે એટલે કે રક્ષા બંધનના દિવસે અમરનાથ યાત્રા પૂર્ણ થશે. પ્રથમ જથ્થો સાડા ચાર વાગે અમરનાથ યાત્રાના ભગવતીનગર બેઝકેમ્પથી રવાના થયો હતો. અમરનાથ યાત્રાને શાતિપૂર્ણ રીતે પાર પાડવા સુરક્ષાદળોએ કમર કસી લીધી છે. અમરનાથ યાત્રાની અવધિ ઘટાડવાને લઈને થોડાક દિવસ પહેલા જ ભાજપે વાંધો ઉઠાવ્યો હતો. રાજ્યસભામાં પણ ભાજપના વરિષ્ઠ નેતા અરૂણ જેટલીએ આ મુદ્દો ઉઠાવ્યો હતો. જેટલીએ કહ્યું હતું કે અમરનાથ યાત્રાની અવધિ દર વર્ષે ઘટાડવામાં આવી રહી છે. શ્રદ્ધાળુઓની સંખ્યા સતત વધી રહી છે. પરંતુ અવધિ ઘટાડવામાં આવી રહી છે. જેટલીએ કહ્યુ હતું કે ૧૯૫૦ના દશકમાં અમરનાથ યાત્રા ચાર મહિના સુધી ચાલતી હતી. વર્ષ ૨૦૧૦માં અમરનાથ યાત્રાની અવધિ ઘટાડીની ૫૪ દિવસ કરવામાં આવી હતી. ૨૦૧૧માં ૪૪ દિવસ કરી દેવામાં આવી હતી. ભાજપ ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ અને અન્ય કેટલીક રૂઢિવાદી હિંદુ સંસ્થાઓએ અમરનાથ યાત્રાના ગાળાને ઘટાડવાને લઈને ભારે હોબાળો મચાવ્યો હતો.

નીતિશની માંગ ભાજપમાં વિભાજનની સ્થિતિ સર્જશે

મુસ્લિમો ભાજપને સ્વીકાર કરશે તેવી ગણતરીની સાથે મોદીના બદલે અન્યને મેદાનમાં ઉતારવામા કોઈ તર્ક નથી

નવી દિલ્હી,તા. ૨૪

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર ફરી એકવાર આકરા પ્રહારો કર્યા છે. અને કહ્યુ છે કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની માંગ ભાજપમાં વિભાજન કરવા અને સંઘને બચાવની સ્થિતિમાં લાવવાનો એક વિશ્વાસઘાતી પ્રયાસ છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન પદના ઉમેદવાર નહી બનાવવાની નીતિશની માંગ ખૂબ જ ખતરનાક છે. ભાજપને વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી એકલા હાથે લડવાની સલાહ આપીને આમા ઘણી બાબતોનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. આમા જણાવવામા આવ્યુ છે કે ભાજપને એકલાહાથે ચૂંટણી લડવા માટે તૈયાર રહેવુ જોઈએ. નીતિશ કુમારની સેક્યુલર વ્યક્તિને વડાપ્રધાનના ઉમેદવાર બનાવવાની ભ્રામક બાબતો તરફ ધ્યાન નહી આપવા અને મોદી જેવા નેતાને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવાની સલાહ આપી છે. સંઘે કહ્યુ છે કે મોદી જેવા નેતા અને વિકાસના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરીને ભાજપે આગળ વધવુ જોઈએ. સંઘે એમ પણ કહ્યુ કે આને ધર્મનિરપેક્ષતા વિરુદ્ધ સાંપ્રદાયિકતાની ચર્ચામાં ભાગ નહી લેવાની પણ સલાહ આપી છે.

સંઘના અંગ્રેજી અને હિન્દીના મુખ પત્ર ઓર્ગેનાઈજમ અને પાંચ જન્યના નવા અંકમાં આ મુજબની વાત કરવામા આવી છે. ઓર્ગેનાઈજમમા જણાવવામા આવ્યુ છે કે મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવાની સ્થિતિમાં જો કોઈ સાથી પક્ષ અલગ થવા ઈચ્છે છે તો ભાજપે પોતાની તાકાત પર ચૂટણી લડવી જોઈએ. આનાથી કોઈ નુકસાન થશે નહી. જો નુકસાન થાય છે તો પણ તે યોગ્ય રહેશે. આમા જણાવવામા આવ્યુ છે કે જેમ જેમ ૨૦૧૪ની ચૂંટણી નજીક આવશે તેમ કોંગ્રેસ અને અન્ય પક્ષોના મોદી વિરોધના અભિયાન તીવ્ર થશે આનાથી ભાજપને ચિંતા કરવાની જરૂર નથી. મોદીના ટાર્ગેટ બનાવાથી હિંદુ મત ભાજપના તરફેણમા સંગઠિત થશે અન આ વોટને પક્ષમાં લેવા માટે ભાજપને અલગથી કોઈ પ્રયાસ કરવાની જરૂર પડશે નહી.

સીત્તેર ફૂટ ઘેરા બોરવેલમાં ફસાયેલી માહીનું મોત

૮૦ કલાક બાદ માહીને બહાર કઢાઈ હતી : બહાર કાઢવામાં આવ્યા બાદ હોસ્પિટલમાં ખસેડાતા પૂર્વે પાંચ વર્ષીય માહીનુ મોત : ૨૦મી જુને જન્મદિવસ હતો

નવી દિલ્હી,તા. ૨૪

દિલ્હી નજીક ગુડગાવ જિલ્લામાં ૭૦ ફુટ ઘેરા

બોરવેલમાં ફસાઈ ગયેલી પાંચ વર્ષીય માસુમ બાળકી માહીને બચાવી લેવામાં સફળતા મળી નથી. આજે બહાર કાઢવામાં આવ્યા બાદ તેનું મોત થયું હતું. માહીના મોતના સમાચારથી સમગ્ર વિસ્તારમાં હતાશાનું મોજુ ફરી વળ્યુ હતું. બહાર કાઢવામાં આવ્યા બાદ તેને તરત એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવી હતી. ગુડગાવના જિલ્લા મેજિસ્ટ્રેટ પીસી મીણાએ કહ્યું હતું કે માહીનું મોત થઈ ચુક્યું છે. ૨૦મી જુનના દિવસે પોતાનો જન્મદિવસ મનાવી ચુકેલી માહી રમતી વેળા માનેસરની નજીક ગુમ થઈ ગઈ હતી. શોધ કરવામાં આવતા જાણવા મળ્યું હતું કે તે બોરવેલમાં પડી ગઈ છે. અધિકારીઓએ કહ્યું છે કે પથ્થર અને ચટ્ટાણો આવી જવાના કારણે સેનાના જવાનોને માહી સુધી પહોંચવામાં વિલંબ થયો હતો. અનેક વિભાગોના કર્મચારીઓની મદદ લીધા બાદ સેનાના જવાનો આશરે ૮૦ કલાક બાદ માહી સુધી પહોંચી શક્યા હતા. જો કે આ સમય સુધી વધારે વિલંબ થયો હતો. માહીને બહાર કાઢવામાં વિલંબ થતા તેની માતાની હાલત વધારે ખરાબ થઈ રહી હતી. તેની માતાએ પુત્રીને વહેલી તકે બહાર કાઢવા અધિકારીઓને વિનંતિ કરી હતી. સેનાના જવાનોએ બોરવેલની પાસે વધુ એક ખાડો ખોદીને પણ બચાવી લેવાના પ્રયાસો કર્યા હતા. નીચે ઓક્સિજનની કમી હોવાના કારણે જવાનો પણ વધારે સમય સુધી નીચે કામ કરી શકતા ન હતા. કોઈ બાળક બોલવેલમાં અથવા તો કુવામાં પડી જવાનો આ પ્રથમ મામલો નથી અગાઉ પણ અનેક બાળકો પડી ચુક્યા છે. થોડાક દિવસ પહેલા જ સુપ્રીમ કોર્ટે આવા બનાવોને રોકવા કઠોર આદેશ જારી કર્યા હતા. આ આદેશ મુજબ બોરવેલનું ખોદકામ કરતા પહેલા જિલ્લા અધિકારી, ગ્રાઉન્ડ વોટર ડિપાર્ટમેન્ટ અને નગર નિગમને જાણ કરવા તમામને આદેશ આપવામાં આવ્યો હતો.

સીઈટી મડાગાંઠ મામલે ૨૭મીની મિટિંગ ઉપર તમામની નજર

ગુજરાત, મહારાષ્ટ્ર અને હરિયાણા સીઈટીના છત્ર હેઠળ તમામ એન્જિનિયરિંગ કોલેજોને લાવવા માટે અંતે સહમત : વિવાદનો અંત આવે તેવી સિબ્બલને આશા

નવી દિલ્હી, તા.૨૪

દિલ્હી અને મુંબઈ આઈઆઈટી સુચિત કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (સીઈટી) માંથી ખસી દવા તૈયારી કરી ચુક્યા છે ત્યારે આને લઈને ભારે હોબાળો મચેલો છે. આઈઆઈટી, એનઆઈટી અને આઈઆઈઆઈટી માટે સીઈટીમાંથી ખસી જવા મુંબઈ અને દિલ્હી આઈઆઈટી ઈચ્છુક છે ત્યારે માનવ સંશાધન વિકાસ પ્રધાન કપિલ સિબ્બલને આશા છે કે આઈઆઈટી કાઉન્સીલની ૨૭મી જુનના દિવસે મળી રહેલી મિટિંગમાં આ વિવાદનો અંત આવી જશે. જાણકાર લોકોનું કહેવું છે કે સુચિત સીઈટીને લઈને ભારે મડાગાંઠની સ્થિતિ સર્જાયેલી છે. એન્જિનિયરિંગ કોલેજો માટે માત્ર એક જ પ્રવેશ પરીક્ષાનો જ આની પાછળ હેતુ રહેલો છે. મહારાષ્ટ્રી, ગુજરાત અને હરિયાણા સીઈટીના છત્ર હેઠળ તમામ એન્જિનિયરિંગ કોલેજોને લાવવા તૈયાર થઈ ચુકી છે. જેથી એવી આશા છે કે ૨૭મી જુનના દિવસે મળનારી મિટિંગમાં વિવાદનો ઉકેલ આવી જશે. કેન્દ્ર સરકારે અઢી વર્ષ સુધી વ્યાપક ચર્ચા વિચારણા કર્યા બાદ આઈઆઈટી, આઈઆઈઆઈટી અને એનઆઈટી માટે સીઈટી અંગે નિર્ણય કર્યો હતો જો કે આને લઈને મોડીથી હોબાળો થઈ ગયો હતો. આઈઆઈટી કાઉન્સીલની મિટિંગમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ મિટિંગમાં કેટલીક સંસ્થાઓની રજુઆત પણ સાંભળવામાં આવશે.

એફડીઆઈની ૪૨ દરખાસ્તો પર શુક્રવારે વિચારણા થશે

કુલ ૪૨ વિદેશી સીધા મૂડીરોકાણની દરખાસ્ત પૈકી ૨૨ દરખાસ્તો નવી છે : અનેક દરખાસ્ત આરોગ્ય અંગેની છે

નવી દિલ્હી,તા. ૨૪

નાણામંત્રાલય આ સપ્તાહમાં ૪૨ વિદેશી સીધા મૂડીરોકાણની દરખાસ્ત ઉપર ગંભીરતા પૂર્વક વિચારણા કરશે. આ ૪૨ એફડીઆઈ દરખાસ્તોમાં બજાજ ફીન સર્વ, તારા એરોસ્પેશ સિસ્ટમની દરખાસ્તનો પણ સમાવેશ થાય છે. આર્થિક બાબતોના વિભાગના સચિવના નેતૃત્વમાં ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડની મીટિંગ ૨૯મી જૂનના દિવસે મળશે. એફઆઈ પીબી ૪૨ એફડીઆઈ દરખાસ્તો પર વિચારણા કરશે. મંત્રાલયમાં જાણકાર સૂત્રોએ કહ્યુ છે કે ઘણી કંપનીઓની દરખાસ્તને લીલી ઝંડી આપવામા આવી શકે છે. ઝેન ટેકનોલોજી (ડિફેન્સ પ્રોડેકશન), ટ્રીટોન હોટલ્સ એન્ડ રિસોર્ટ (ટુરિઝમ), ભીલવાડા એનર્જી (પાવર), પેરાગન રિકન્સટ્રકશન (ફાઈનાન્સર સર્વિસ)ની દરાખાસ્તો પણ મીટિંગ દરમ્યાન હાથ ધરવામા આવશે. એજેંડા મુજબ મોટાભાગની દરખાસ્તો આરોગ્ય અને પરિવાર કલ્યાણ સાથે સંબંધિત છે. જ્યારે કેટલીક દરખાસ્તો ફાઈનાન્સર સર્વિસની પણ છે. ઉપરાંત ત્રણ દરાશ્તો ટેલિકોમ ક્ષેત્ર તરફથી આળી છે. સૂત્રોએ કહ્યુ છે કે એફઆઈપીબી આ તમામ દરખાસ્તો પર ઝડપથી નિર્ણય લેશે. દરખાસ્તો પૈકીની ૨૨ દરખાસ્તો નવી છે જ્યારે ૧૪ એવી દરખાસ્તો છે જે અંગે નિર્ણય અગાઉની એફઆઈપીબીમા મોકૂફ કરી દેવામા આવ્યો હતો. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ તથા ફીંચ જેવી કેટલીક વૈશ્વિક રેટીંગ સંસ્થાઓ હાલમાં ભારતના ક્રેડિટ આઉટલુકને સ્થિરથી ઘટાડીને નેગેટિવ કરી દીધા બાદ તેને લઈને ચર્ચા પ્રવર્તી રહી છે. ગયા સપ્તાહમાં સ્વીડન સીટલે આઈકેઈએ દ્વારા સિંગલ બ્રાન્ડ રિટેલ સેક્ટરમાં ૧૦૫૦૦ કરોડનો રોકાણ કરવા મંજૂરી આપવા સરકારને અપીલ કરવામા આવી હતી. દેશમાં એફડીઆઈ પ્રવાહ વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં ૩૬.૫૦ અબજ ડોલર રહ્યો હતો. ભારતે ઓટોમેટીક રુટ મારફતે ઘણા ક્ષેત્રોમાં એફડીઆઈને મંજૂરી આપેલી છે. માત્ર ટેલિકોમ અને સંરક્ષણ જેવા ચોક્કસ સંવેદનશીલ ક્ષેત્રોમાં એફડીઆઈને મંજૂરી આપવામા આવી નથી.

ફ્રાન્સ પર ૨-૦થી ભવ્ય જીત મેળવી સ્પેન સેમી ફાઈનલમાં

સેમીફાઈનલમાં પોર્ટુગલ સામે ટક્કર થશે : જાબી અલોન્સોએ બંને ગોલ ફટકાર્યા : બેન્જેમા, સમીર નાસરી અને ફ્રેન્ક રિવેરી જેવા ખેલાડીઓ નિસહાય રહ્યા

ડાનેસ્ક,તા.૨૪

વર્તમાન ચેમ્પિયન સ્પેને વધુ એક શાનદાર જીત મેળવીને યૂરો ૨૦૧૨માં સેમીફાઈનલમાં પ્રવેશ કરી લેવામાં સફળતા મેળવી છે. સેમીફાઈનલમાં હવે તેની ટક્કર પોર્ટુગલ સાથે થશે. ક્વાર્ટર ફાઈનલ મેચમાં સ્પેને ધારણા પ્રમાણે જ ફ્રાન્સને ૨-૦થી હાર આપીને સેમીફાઈનલમાં એન્ટ્રી કરી લીધી હતી. સ્પેન તરફથી બંને ગોલ જાબી અલોન્સોએ કર્યા હતા. કરીમ બેન્જેમાં, સમીર નાસરી અને ફ્રેન્ક રિવેરી જેવા સ્ટાર ખેલાડીઓ સાથે બનેલી ફ્રાન્સની ટીમે તમામ પ્રયાસો કર્યા હતા પરંતુ કોઈ ગોલ કરવામાં સફળતા મળી ન હતી. યૂરોપની આ બે મુખ્ય ટીમો વચ્ચે પ્રથમ હાફમાં સ્પેને ખૂબ જ શક્તિશાળી રમત રમી હતી. ૧૯મી મિનિટમાં જ રિયલ મેડ્રીડ તરફથી રમતા અને સ્પેનના મિડ ફિલ્ડર જાબી અલોન્સેએ ગોલ ફટકારીને પોતાની

ટીમને લીડ અપાવી હતી. અલોન્સેએ હેડર મારફતે ગોલ કરીને સનસનાટી મચાવી દીધી હતી. આની સાથે જ ફ્રાન્સની છાવણીમાં નિરાશાનું મોજુ ફરી વળ્યુ હતું. બીજા હાફમાં પણ સ્પેમની ટીમ જ છવાયેલી હતી. પોતાની શાનદાર રણનિતિ અને મજબૂત ડિફેન્સના કારણે વિશ્વ ચેમ્પિયન સ્પેનનું વર્ચસ્વ રહ્યું હતું. વર્ષ ૧૯૯૮માં વિશ્વ કપ જીતનાર ફ્રાન્સની ટીમ ઉપર સ્પેનના ખેલાડીઓ છવાયેલા રહ્યા હતા. બીજી હાફમાં એક પેનલ્ટીને શાનદાર ગોલમાં ફેરવી નાંખીને અલોન્સોએ પોતાની ટીમની જગ્યા સેમીફાઈનલમાં પાકી કરી દીધી હતી. સ્પેનની ટીમ હવે હાલ શાનદાર ફોર્મમા ચાલી રહેલા પોર્ટુગલના કેપ્ટન ક્રિસ્ટીયાનો રોનાલ્ડોને રોકવાના પ્રયાસમાં લાગશે. જ્યારે ફ્રાન્સની ટીમ અંતિમ આઠમાં પહોંચી જવા માટે લક્ષ મેળવી લીધા બાદ સંતોષ સાથે પરત ફરશે. સ્પેન અને જર્મનીની ટીમ હાલ હોટ ફેવરીટ દેખાઈ રહી છે. અને આ બંને ટીમો વચ્ચે યુરો કપની ફાઈનલ મેચ રમાય તેમ માનવામાં આવી રહ્યું છે.

રૂપિયો હજુ ઘટી ૫૮ની નીચી સપાટીએ જઈ શકે

બજાર નિષ્ણાંતોમાં વ્યાપક દહેશત : સરકાર આજે નવા પગલા જાહેર કરી શકે

મુંબઈ,તા. ૨૪

સ્થાનિક અને વૈશ્વિક અર્થતંત્રમાં પ્રવર્તી રહેલી ચિંતા વચ્ચે રૂપિયાો પહેલાથી જ ડોલર સામે કફોડી હાલતમાં છે ત્યારે બજાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે ડોલર સામે

રૂપિયો હજુ પણ ગગડશે અને રૂપિયો આ સપ્તાહમાં ૫૮ની સપાટીને સ્પર્શ કરી શકે છે. શુક્રવારના દિવસે એતિહાસિક નીચી સપાટીએ પહોંચ્યા બાદ ડોલર સામે રૂપિયો આંશિક રિકવર થયો હતો અને અંતે તેની સપાટી ઘટી હતી. ડોલર સામે રૂપિયો ૫૭.૩૦ની સપાટીને તોડી ગયા બાદ રૂપિયો હવે વધુ ગગડીને આ સપ્તાહમાં ૫૮ની નીચી સપાટીએ પહોંચી શકે છે. ઉદ્યોગ જગત સાથે સકંળાયેલા નિષ્ણાંતો અને જીઓજીત કોમટ્રેડ કરન્સીના વ્યૂહરચનાકાર હેમલ દોશીએ માહિતી આપતા કહ્યુ છે કે પ્રવાહી સ્થિતિ વચ્ચે ડોલર સામે રૂપિયો હજુ ઘટશે. કોઈપણ હકારાત્મક સંકેત રૂપિયામાં સુધારો થાય તેવા મળી રહ્યા નથી. વૈશ્વિક બજારમાં તથા સાથે સાથે સ્થાનિક બજારમાં મંદી પ્રવર્તી રહી છે. શુક્રવારના દિવસે તેલ આયાતકારો તરફથી ડોલરની જોરદાર માંગના પરિણામ સ્વરૂપે ઈન્ટ્રાડે દરમ્યાન રૂપિયો ૫૭.૩૭ની ઓલટાઈમ નીચી સપાટીએ પહોંચ્યો હતો પરંતુ કારોબારના અંતે તેમા રિકવરી થઈ હતી અને રૂપિયો ૫૭.૧૧ પર રહ્યો હતો. એમ માનવામા આવે છે કે ભારતીય અર્થતંત્રમાં ધીમી ગતિના વિકાસની અસર તેના પર જોવા મળી રહી છે. આરબીઆઈ અને સાથે સાથે સરકાર આવતીકાલે રૂપિયાના અવમૂલ્યનને રોકવા અથવા તો અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવાના હેતુસર શ્રેણીબદ્ધ પગલા જાહેર કરી શકે છે.

શબ્દ સમીપે

● અનુસંધાન ચોથાનું ચાલુ

માટે ઉપયોગી જીવન જીવે છે. તે માનવ છે. પણ જે બીજા ઘણાને માટે જીવન જીવે છે તે મહામાનવ છે. તે જ સાચો મહાપુરૂષ છે. જે પોતાના માટે પણ પરાશ્રિત કે પરાવલંબી જીવન જીવે છે. તે પામર છે. પામરોને પૂજાય નહીં. તેમની દયા ખાવાની હોય, તેમના જેવા થવાય નહીં. જે પ્રજા પામરોને પૂજશે તે પામર જ થઈ જશે. ભારતની પ્રજાને ઘણી ગુમરાહ કરવામાં આવી છે. તેથી તે ગુલામ, દરિદ્ર અને કાયર બની છે. જયાં સુધી પ્રજા પોતે રોગના મૂળને નહીં સમજે કે નહીં સ્વીકારે ત્યાં સુધી તે સુધરવાની નથી. ભલે ને હજારો યજ્ઞો કરો, સપ્તાહો કે શિબિરો કરો, મૂળ પ્રશ્ન સાચા નિદાન નો છે, જે તરફ આ પુરૂષ દ્વારા અંગુલી નિર્દેશ કરવામાં આવ્યો છે.

'સાચા મહાપુરૂષો' પુસ્તકના લેખક સ્વામી સચ્ચિદાનંદજીએ તેમના આગવા વિચારોથી પોતાનું અલગ સ્થાન ઊભું કર્યું છે. તેમનાં પુસ્તકો ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજી ભાષામાં અનુવાદીત થઈ ખૂબ પ્રસિધ્ધ પામ્યાં છે. મહેસાણા જિલ્લાના મોટી ચંદુર ગામે તા. ૨૨-૪-૧૯૩૨ ના જન્મેલા સ્વામીજી વેદાન્તાચાર્ય છે. તેમનું વતન મુંજપુર છે. તેઓ સમાજસેવા, ધર્મપ્રચાર અને સતત લેખન કાર્ય કરતા રહે છે. તેમના પુસ્તકો 'મારા અનુભવો, વેદાન્ત સમીક્ષા, ચાલો અભિગમ બદલીએ, નવા વિચારો, પૃથ્વીની પ્રદક્ષિણા, કૃષ્ણલીલા રહસ્ય વિગેરેને ગુ.સા. પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમી તેમજ નર્મદ સુવર્ણ ચંદ્રક, અરવિંદ સુવર્ણ ચંદ્રક, અને બીજા અનેક પારિતોષિકોથી સન્માનિતો કરવામાં આવ્યાં છે. હાલમાં શ્રી ભક્તિ નિકેતન આશ્રમ દંતાલી, તા. પેટલાદ, જિ.આણંદ ખાતે સ્વામીજી રહે છે. સાચા મહાપુરૂષોની ઓળખ આ પુસ્તક દ્વારા કરાવવા બદલ સ્વામીજી અને ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અભિનંદનના અધિકારી છે.'

સાચા મહાપુરૂષો
લેખક - સ્વામી સચ્ચિદાનંદ
પ્રકાશક - ગુર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધીનગર, અમદાવાદ-૩૮૦૦૦૧
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨, કિંમત - રૂા. ૧૧૦/-
પૃષ્ઠ - ૧૪ + ૨૭૪

પરણેતરની પ્રીત

● અનુસંધાન ચોથાનું ચાલુ

ગામમાં અને આજુબાજુના પંથકમાં મુખીબાપાની આબરૂ ખૂબ જ સારી છે. લોકો ખૂબ માન આપે છે. મુખી બાપાનો પડતો બોલ ઝીલે છે. અને આજે મુખીબાપાના દીકરાની વહુની ચરિત્રહીનતાની વાત સમાજમાં ફેલાય તો મારા મા-બાપને ગળે ફાંસો ખાવાનો દિવસ આવે! આથી આ બાબતમાં અમુ સાથે નમતું જોખાય નહિ.

હા, પણ હવે કરવું ય શું ઘરની પત્નીની બદચારિત્ર્યની વાત કોની પાસે કરવી. આવી વાત કોઇ પાસે કરાય નહિ, કંકુ ભાભીની આ વાત તો સાચી જ છે કે તેમણે ખેતરમાં અમુની લીલા તો નજરોનજર જોઇ જ છે! આથી દેવો વિસામણમાં મુકાઇ ગયો.

મા-બાપને આ બાબતની જાણ કરવી કે નહિ. કદાચ મા-બાપને આ વાતની જાણ હોય, તો પણ તે ઘરની આબરૂ સાચવવા વાત પેટમાં જ રાખે!

આવું જ રામસંગભાઈના ઘરના માણસો વિચારતા હોય. રામસંગભાઈનું કુટુંબ તો ખાનદાની છે. એમની અમીરાઈ તો એમના ચહેરા પર ઉભરાતી જોવા મળે છે. આ રામસંગભાઈનું કુટુંબ અમુની હલકી વાત બહાર ન પાડે કારણ મુખીબાપાને એક વડીલ ગણીને માન આપે છે. આથી એ કુટુંબ આવી હલકી વાતો પેટમાં જ રાખે, પણ મનમા તો સમજતા હોય કે, મુખીના દીકરાની વહુ હલકા પગની છે.

દેવો પત્ની બાબત મનમાને મનમાં મુંઝાવા લાગ્યો. મા-બાપ અમુની વાત જાણતા હશે કે કેમ! હા, કદાચ એ જામતા હોય તો પેટના જણ્યાને આવી વાત થોડી કરે! સમાજમાં આબરૂનાં કાંકરા ન થાય એટલે ઘરની વાત ઘરમાં જ રાખવા ઇચ્છે ને! હા, પણ મા-બાપના કાને અમુની આ વાત પહોંચી છે કે કેમ!

પિતાજીનું ગામનું માથું મોટું અને આબરૂદાર કુટુંબ હોવાથી મોંઢે તો કોઇ દીકરાની વહુની હલકી વાત તો કહી શકે નહિ. પણ જે કંઇ બન્યું છે. તેની ચર્ચા સમાજમાં તો થતી જ હશે! અરે, હું કદાચ ગામડે જાઉં તો પણ લોકો મારા સામે જોઇને મનમાંને મનમાં બબડતા હશે કે "આ દેવલો કયાં અને એની પત્ની અમુ કયાં? કૉલેજ કરેલા છોકરાની વહુએ મુખીની આબરૂ ધૂળમાં મેળવી દીધી."

દેવાના માનસપટમાં અમુ અને ગગજીની પ્રેમલીલાના અનેક દૃશ્યો તરવરવા લાગ્યા. તેના માનસમાં વિચારોનો પ્રચંડ ઘોઘ સળંગ - અવિરત પસાર થતાં તેનું માનસ ફાટુંફાટું થઇ ગયું ને ધરતી ગોળ ગોળ ફરતી દેખાઇ ને ચક્કર આવતા ધરતી પર ઢળી પડ્યો.

દેવાની પરીક્ષા પતી જવા છતાં, તે ગામડે ગયેલ નહિ એટલે એક દિવસ સોનબાએ કહ્યું, "મુખી દેવાની પરીક્ષા પતી ગઇ. બે મહિના થવા છતાં દેવો આપણને મળવા ગામડે આવેલ નથઇ. તો એને ફોન તો કરો."

"સોનલ, આ જુવાન છોકરાઓને ગામડામાં રહેવું ન ગમે એટલે પરીક્ષા પુરી થતા મિત્રો સાથે હરવા-ફરવામાં આનંદ કરતો હોય તો ફરવા દે ને!"

"ના... ના... મુખી એવું નથી! દેવો જયારે ગામડેથી ગયો ત્યારે મેં એને કહેલ દેવા તું એકાદ વખત અમુને તો મળી આવ."

આ સમયે દેવાએ મને શું જવાબ આપેલ તમને ખબર છે?

"તું જ કહે ને શું જવાબ આપેલ."

દેવાએ મને કહેલ કે, "બા, તું અમુનું નામ મારી પાસે લેતી નહિ!"

"સોનલ, એ સમયે એને પરીક્ષાની ચિંતા હોય અને તું એને અમુને મળવા જવાનું કહે તો તે જાય ખરો!"

'દેવાના બાપુ એવું નથી. પરંતુ આ વખતે એનો મિજાજ જુદા જ પ્રકારનો હતો.'

"સોનલ, છોકરા યુવાન થાય એટલે એમના મિજાજમાં ઉશ્કેરાટ જોવા મળે, સમજી."

"પરંતુ અમુ પ્રત્યે અણગમો બતાવવા મને તો આશ્ચર્ય લાગ્યું કે મારા દેવાને શું થઇ ગયું હશે! મારા હૃદયના ધબકારા વધી ગયેલા ત્યારે મેં એને કહેલ, 'દેવા, તું આમ કેમ બોલે છે કે અમુનું નામ મારા મોંઢે ન લેતા!"

(ક્રમશઃ)